# ગાંધીનગર સમાચાર

**તા. ૬-૧-૨૦૧૨, રવિવાર**

## તંત્રી સ્થાનેથી.....

## એક ગાંધીનગર થનગની રહ્યું છે - બીજું એક ગાંધીનગર થરથરી રહ્યું છે !

## Gandhinagar goes Vibrant, Gandhinagar shivers...

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની પ્રચંડ ઈચ્છાશક્તિના પ્રતિક સમી 'વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૩'ની જાહેરાત તો ૨૦૧૨ની ઐતિહાસિક ચૂંટણીનું જાહેરનામું બહાર પડે એ પહેલાં જ કરી દેવાઈ હતી અને હજી મતગણતરી બાકી હતી તે સમયગાળામાં અનોખા આત્મવિશ્વાસથી છલોછલ સદાબહાર મુખ્યમંત્રી આ છઠ્ઠી વાઈબ્રન્ટ શિખર પરિષદની પૂર્વ તૈયારીમાં ઝંપલાવી દીધું હતું. આજથી ઉત્તરાયણની પૂર્વ સંધ્યા સુધી ચાલનારું દેશનું સૌથી મોટું ઔદ્યોગિત પ્રદર્શન પાટનગરની વાઈબ્રન્ટ સમિટ નિમિતે યોજાનાર છે. એક લાખ ચો.મી. કરતાં લાંબા પહોળા પટમાં ફેલાયેલા આ પ્રદર્શનમાં દુનિયાનું સૌથી મોટું 'ટૅમ્પરરી ઍક્ઝિબિશન સ્ટ્રકચર' ઊભું કરાયું છે. તેથી આ વખતે 'વાઈબ્રન્ટ' માત્ર રોકાણકારોની ગોષ્ઠી ન રહેતાં દેશનો સૌથી વિશાળ 'ગ્લોબલ શૉ' બની રહેશે. એવા દાવામાં પૂરતું વજૂદ વરતાય છે. મોદી સરકારને બધી બાબતોમાં રેકર્ડબ્રેક કરવાનો શોખ છે. ગાંધીનગરના આંગણે પોતાના જ અગાઉના રેકર્ડ બ્રેક કરીને સૌથી મોટું ટેમ્પરરી ઍક્ઝિબિશન સ્ટ્રકચર ઊભું કરી વર્ષ ૨૦૦૫ની સમિટમાં ૨૫,૦૦૦ ચો.મી. વિસ્તારમાં પ્રદર્શન યોજાયું હતું, છતાં એને લિમ્કા બુક ઑફ રૅકોર્ડમાં સ્થાન મળ્યું હતું. આ વખતે એના કરતાં ચાર ગણું મોટું સ્ટ્રકચર બનાવાયું છે, જે એક અણનમ વિશ્વ વિક્રમ બની રહેશે. આ ગ્લોબલ ટ્રેડ શૉમાં ચૌદ કે એથી વધારે દેશોની એક હજારથી વધારે મલ્ટિનેશનલ કંપનીઓ ઉપરાંત કેટલીક રાજ્ય સરકારો સામેલ થશે. વર્ષ ૨૦૧૧ની તુલનામાં બમણા એટલે કે આશરે ૧૫ લાખ લોકો આ વાઈબ્રન્ટ સ્થળે ૨૫થી વધારે સેકટરનાં પેવેલિયન, ૧૩ ડોમ અને ૧૪ સેમિનાર પેવેલિયન રાખવામાં આવ્યાં છે. વાઈ-ફાઈ કનેક્ટિવિટીને લીધે ડૅલિગેટો અને મિડિયાકર્મી સરળતાથી નેટ સર્ફિંગ કરી શકશે. પ્રદર્શન સ્થળ ક્રાફટ વિલેજ અને સોલાર વિલેજ ઊભું કરાશે. વિશ્વનું સૌથી પહેલું 'સોલાર વિમાન' પણ પ્રદર્શનમાં મુકાશે. ૧૪ દેશોનાં ઉદ્યોગગૃહો એમની પ્રોડકટ્સનું પ્રદર્શન કરશે. પ્રદર્શનમાં હરાજીમાં મુકાનાર ભારતની પ્રથમ એવી ડાયમંડ, ગોલ્ડ અને ઝવેરાત-રત્ન મંડિત પાંચ કરોડની કાર તથા સૂર્યઊર્જાથી ચાલતું વિમાન આકર્ષણ જમાવશે.

દિલ્હીમાં પ્રગતિ મેદાન ખાતે કાયમી પ્રદર્શન ક્ષેત્ર બનાવાયું છે. નજીકમાં જ ક્રાફટ્સ મ્યુઝિયમ માટેની જગ્યા ફાળવાઈ છે. એ જ પૅટર્ન પર રાજધાની ગાંધીનગરમાં હૅલિપેડનું મેદાન કાયમી પ્રદર્શન ક્ષેત્ર બનાવાય એવી શકયતા છે. વિકાસની હરણફાળ ભરી રહેલા ગ્લોબલ ગુજરાતની રાજધાનીમાં ૨૧સદીના આ પરમ વૈભવનું પ્રદર્શન યુવા પેઢીમાં સાહસ પ્રેરશે અને વિશ્વમાં પોતાની લાયકાત પુરવાર કરવા માટેનું પ્રેરણાતીર્થ બની રહેશે, એ મુદ્દે શંકાને સ્થાન ન હોઈ શકે. પરંતુ એ જ રાજધાનીની ફૂટપાથો પર શિયાળાની કડકડતી રાતો ગુજારનારા વંચિતો માટે સરકારે કોઈ નકકર આયોજન કર્યું છે ખરૂં? આ બધું અલબત્ત નવધનિકો, મધ્યમવર્ગ માટેનું જોણું બની રહેશે, પરંતુ પેલા સર્વહારા છેવાડે પડેલા માનવીને એમાં રસ પડશે ખરો? એ પણ વિચારવું રહ્યું. ગાંધીનગરમાં આંતરિક વાહન વ્યવહારની સંતોષકારક વ્યવસ્થા હજી લગી થઈ શકી નથી તેમ અહીં પગપાળા ફરતા મુલાકાતીઓ માટે શૌચાલયોની વ્યવસ્થા પણ હજી બાકી જ છે! શું વિકાસ એકરેખીય હોવો જોઈએ?

## જી.સી.સી. ટાઈપ અને સ્ટેનોની પરીક્ષાની હોલ ટિકિટ ૧૦મીએ મળશે

ગાંધીનગર, તા.૭

રાજય પરીક્ષા બોર્ડ ગાંધીનગરના સચિવ ડૉ. બી.કે. ત્રિવેદીએ જણાવ્યું છે કે, તા. ૧૫મી જાન્યુઆરીથી ૧૯મી જાન્યુઆરી દરમિયાન જી.સી.સી. ટાઈપ તથા સ્ટેનોની પરીક્ષા લેવાશે. માન્ય સંસ્થાઓએ તેમના ઉમેદવારોની હોલ ટિકિટ-ખાનગી ઉમેદવારોએ જે જિલ્લામાંથી ફોર્મ ભર્યા હોય તે જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરી ખાતેથી તા.૧૦મી જાન્યુઆરીના રોજ કચેરી સમય દરમિયાન મેળવી લેવાની રહેશે.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં માતાઓની શિબિર યોજાઈ

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં માતાઓની કાર્યશાળા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આચાર્યા રંજન વૈદ્ય દ્વારા માતાઓને બાળકોના વિકાસ અર્થે માહિતગાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, એક માતા સૌ શિક્ષકની ગરજ સારે છે. બાળકોના શારીરિક માનસિક વિકાસ, યોગ-પ્રાણાયામ દ્વારા તથા વિકાસ માટે વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. પોતાની સંસ્કૃતિનું તેમજ મૂલ્યોનું જ્ઞાન પણ જરૂરી છે.

# કારોબારી બેઠક : બોર્ડ પરીક્ષા માટે એક્સન પ્લાન તૈયાર થયો

## રાજ્યમાંથી નવી શાળાઓની મંજુરી માટે આવેલી અરજી પર પણ મહોર : પરીક્ષા કામગીરીના પ્રશ્ને વાતચીત થઇ

અમદાવાદ, તા.૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારીની બેઠક સોમવારે મલી હતી. આ બેઠકમાં બોર્ડ દ્વારા આગામી માર્ચ મહિનામાં યોજાનાર ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત રાજ્યમાંથી નવી શાળાઓની મંજૂરી માટે આવેલ અરજીઓ ઉપર પણ મહોર મારવામાં આવી હતી.

બોર્ડની કારોબારીની ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ આગામી શૈક્ષણિક સત્રની રાજ્યમાં ૩૦થી વધુ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજુરી આપવામાં આવી છે. જ્યારે આગામી માર્ચ મહિનામાં યોજાનાર ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની કામગીરીને લઈ એક્શન પ્લાન ઘડવામાં આવ્યો હતો. આ એક્શન પ્લાનમાં ગત વર્ષ પરીક્ષા માટે બનાવવામાં આવેલા નિયમોને યથાવત રાખવમાં આવ્યા છે અને આ નિયમ મુજબ પરીક્ષા કેન્દ્રોની ફાળવણી અને સંબંધિત સ્કોર્ડની રચના કરવા માટેની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો હવે આ એકશન પ્લાનની ક્રમશઃ પરીક્ષા સમિતી અને આગામી ૯મી જાન્યુઆરીએ મળનારી બોર્ડની સામાન્ય સભામાં મુકવામાં આવશે. જ્યાંથી મંજુરી બાદ જે તે સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીઓને સોંપી દેવામાં આવશે આ ઉપરાંત બેઠકમાં પરીક્ષાઓ માટે કરવામાં આવી રહેલ તૈયારીઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી અને કારોબારીઓના તમામ સભ્યો તૈયારીથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

બહુચર્ચિત નવી શાળાઓની મંજુરી આપતી વખતે સીસીટીવી ફરજિયાત કરવાની વાતનો કારોબારીની બેઠકમાં કોઈ ચર્ચા કરવામાં આવી ન હતી. સૂત્રોના જણાવ્યા મુજબ આજની બેઠકમાં આ અંગે નિર્ણય લેવાનો હતો. પરંતુ વિરોધની શકયતાઓના પગલે આ મુદ્દે કોઈ ચર્ચા કરવામાં આવી ન હતી.

## પ્રેરણા વિદ્યાલયમાં ૯મીએ એનિમીયા અને એડોલેશન હેલ્થ અવેરનેસ સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૭

લાયોનેસ કલબ ગાંધીનગર તથા એમ.ઓ.એચ. ડૉ. દિનેશ બારોટના સંયુકત ઉપક્રમે પ્રેરણા વિદ્યાલય, સેકટર-૫-એ, ગાંધીનગર ખાતે તા. ૯મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ એનિમીયા અને એડોલેશન હેલ્થ અવેરનેસ સેમિનારનું સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે.

એનિમીયા અને એડોલેશન હેલ્થ અવેરનેસ સેમિનારમાં શાળાની વિદ્યાર્થીનીઓના બ્લડ ગ્રુપ અને હિમોગ્લોબીનના પ્રમાણની ચકાસણી કરવામાં આવશે. ડૉ. ગજ્જર આ પ્રસંગે મહિલાઓ તથા દીકરીઓને સ્વાસ્થ્યપ્રદ ટેવો અને ખોરાક પર માર્ગદર્શન આપશે.



આજે જ વાઈબ્રન્ટમાં જવાનું નહીં સમજી... વિદેશથી આવતા ગેસ્ટને શાંતિથી ગાંધીનગરની ભવ્યતા માણવા દે... આ બધુ હવે અહીં પરમેનન્ટ થવામાં જ છે.

## પી.કે. ચૌધરી મહિલા કૉલેજમાં સ્પર્ધાત્મક પરીક્ષાનું વ્યાખ્યાન યોજાયું

પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં વિદ્યાર્થીનીઓનું સ્પર્ધાત્મક પરીક્ષા અંગે માર્ગદર્શન આપતું વ્યાખ્યાન યોજાયું હતું. સરસપુર આર્ટ્સ કૉલેજના ડૉ. પ્રૉ.બી.સી. રાઠોડે વકતવ્ય આપ્યું હતું. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી, ટાઈમ મેનેજમેન્ટ, ગુણાંકન અને કયા કયા વિષય અંતર્ગત થતી તૈયારીઓ પર ભાર મૂક્યો હતો. ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ આ અંગે માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. કાર્યક્રમનું આયોજન પ્રૉ. એન.કે. પટેલ કરેલ હતું. વ્યાખ્યાનમાં ૩૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. આભારવિધિ કુ. શ્રુતિ પરીખે કરેલ હતી.

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

શાળામાં શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓમાં સ્થળ દર્શન, તેની વિશેષતા અને શિક્ષણમાં તેની આવશ્યકતા વિકસે તે સંદર્ભે ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડાનો શૈક્ષણિક પ્રવાસ તાજેતરમાં યોજાયો હતો.

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના ધોરણ-૪ થી ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે તૃતીય એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ ભરૂચના નેચર પાર્ક, વિસનગરની મુલાકાત લઈ બાળકોએ રીવર રાઈડ્ઝ, હોર્સ રાઈડ્ઝ, ઝૂલા રાઈડ્ઝ, પંખી ઘર, માછલી ઘર વગેરેની મુલાકાત લઈ પ્રવાસની મજા માણી હતી.



## આત્મા, પુર્નજન્મની વાતો કપોળકલ્પિત : વિજ્ઞાન જાથાની ચેતવણી

સ્વ. વિરાભાઈ પરબતબાઈ ઝાલા કેળવણી મંડળ ખંઢેરી દ્વારા છાત્રાઓ, વાલીઓ, ગ્રામજનોને જનસમાજમાં અંધશ્રધ્ધા નિવારણ માટે ભારત જન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિથી કાર્યાલયને ભારે સફળતા મળી હતી. દુનિયામાં ચમત્કારના નામે છેતરપીંડી થાય છે. વાસ્તુશાસ્ત્ર, ફેંગશુઈનું અનુકરણ હાનિકારક છે. વ્યસન મુક્તિ ઉપર સુંદર આગવી શૈલીમાં માહિતગાર કર્યા હતા. અવનવા પ્રયોગોનું નિદર્શન કરવામાં આવ્યું હતું. જાથાના પંડ્યાએ જ્યોતિષ, વાસ્તુશાસ્ત્ર, ફેંગશુઈ, ટેરા, અંક, સિગ્નેચર વગેરે ભરમાવનારા છે. ૨૭૦૦ જેટલાં કાર્યક્રમો કરીને આવા તત્ત્વોને ખુલ્લા પાડેલ છે. જાથાના પડકારને ઉપાડી શકયા નથી.

## એસ.એસ. પટેલ બી.એડ. કોલેજ દ્વારા સામાજિક અને સાક્ષરતા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩માં આવેલી એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના તાલીમાર્થીઓ દ્વારા તાજેતરમાં સામાજિક અને સાક્ષરતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના તાલીમાર્થીઓએ બ્લોક ટીચીંગ કાર્યક્રમ દરમિયાન વધતા જતા સામાજિક પ્રશ્નોને ધ્યાનમાં રાખીને તેમજ નિરીક્ષકોને સાક્ષર કરવાના હેતુથી સામાજિક અને સાક્ષરતા કાર્યક્રમમાં જોડાયા હતા. સદર કાર્યક્રમમાં કોલેજના તાલીમાર્થીઓએ ગાંધીનગર શહેરના જુદા-જુદા વિસ્તારોમાંથી નિરક્ષરોને શોધીને તેમને સાક્ષરતાનું જ્ઞાન આપ્યું હતું. તેમજ વ્યસનમુક્તિ વિશેની જાણકારી આપી હતી. ગાંધીનગરની નજીક આવેલા કૈલાસધામ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી અને તેમની સમસ્યાઓની જાણકારી પ્રાપ્ત કરી હતી.

## એન.એસ.યુ.આઈ. દ્વારા સભ્ય નોંધણી ઝુંબેશ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૭

નેશનલ સ્ટુડન્ટ યુનિયન ઓફ ઈન્ડીયા (એન.એસ.યુ.આઈ.)માં આંતરીક લોકશાહી મજબુત કરવાના ભાગરૂપે ગુજરાત એકમમાં સંગઠનની ચૂંટણી પ્રક્રિયા માટે સભ્ય નોંધણી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓમાંથી વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ જોડાય તે અંગે એન.એસ.યુ.આઈ.ના ઈલેકશન કમિશનર મંથન પાઠકે જણાવ્યું હતું.

એન.એસ.યુ.આઈ.ના ચૂંટણી કમિશનરે વધુમાં જણાવ્યું હતું કે વર્ષ-૨૦૧૩ માટે ચૂંટણી પ્રક્રિયા તા. ૭ જાન્યુઆરી-૨૦૧૩ના રોજથી સભ્ય નોંધણી ઝુંબેશ ખુલ્લી મુકવામાં આવેલ છે. જે તારીખ ૫ ફેબ્રુઆરી-૨૦૧૩ સુધી ચાલશે. કોઈપણ વિદ્યાર્થી-વિદ્યાર્થિની જેઓની ઉંમર ૨૭ વર્ષથી ઓછી છે તે સભ્ય નોંધણી ઝુંબેશમાં અને સભ્ય તરીકે જોડાઈ શકશે.

ગુજરાતમાં એન.એસ.યુ. આઈ. સંગઠનની ચૂંટણી બે તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કામાં કોલેજ ઈલેકશન અને બીજા તબક્કામાં જિલ્લા પ્રદેશ અને નેશનલ ડેલીગેટ માટે યોજાશે.

એન.એસ.યુ.આઈ. ગુજરાત માટે સભ્ય નોંધણી ઝુંબેશ ખુલ્લી મુકતા કેન્દ્ર ચૂંટણી કમિશનર મંથન પાઠક, ગુજરાત પ્રદેશના પ્રમુખ અને તાજેતરમાં નિમાયેલા રાષ્ટ્રીય મહામંત્રી ગુલાબસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, અગાઉના વર્ષ ૨૦૧૦ કરતા આ વખતે નવું મોડેલ દાખલ કરવામાં આવ્યું છે

## સંકલ્પ ડિસેબલ એસોસિએસન વિકલાંગને ભાડે મકાન આપશે

ગાંધીનગર, તા. ૭

સંકલ્પ ડિસેબલ એસોસીએશન તરફથી 'સંકલ્પ વિકલાંગ આવાસ યોજના' બનાવેલ છે. જેમાં સભ્યએ વાર્ષિક રૂા. ૧ ના ભાડાપેટે મકાન રહેવા માટે મળશે. વિકલાંગને જીવન પર્યંત આવાસનો અધિકાર રહેશે. દર વર્ષે રૂા. ૧/- ભાડા પેટે રીન્યુ કરાવવાનો રહેશે. દર વર્ષે દરેક સભ્યને ભાડાપટ્ટાનું મકાન રીન્યુ કરાવવાનો રહેશે.

વધુમાં વિકલાંગોને સાધનસહાય ઘરવપરાશ, ભણતર, રોજગારીની સહાય પણ કરે છે. આ અંગેની વધુ માહિતી www. sollywoodgroup.com વૅબસાઈટ પરથી મળી શકશે.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા મહિલા સંરક્ષણ અને વિકાસ સંદર્ભે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ગતરોજ ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજના સભાગૃહમાં 'મહિલા સંરક્ષણ અને વિકાસ' વિષય અંતર્ગત સેમિનાર યોજાયો હતો.

ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશનના ડાયરેક્ટરના જણાવ્યાનુસાર મહિલા સંરક્ષણ અને મહિલા વિકાસ સેમિનારમાં બી.બી.એ. અને બી.સી.એ.ની આશરે ૮૦૦ વિદ્યાર્થિનીઓએ હાજરી આપી હતી અને કાર્યક્રમાં વક્તાઓને સાંભળી સ્ત્રી સન્માન, મહિલાલક્ષી કાયદાઓ, હેલ્પલાઈન, મફત સલાહ કેન્દ્રો વિશેની માહિતી મેળવી હતી.

મહિલા સંરક્ષણ અને મહિલા વિકાસનો સેમિનાર સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં અતિથિ વિશેષ તરીકે સર્વવિદ્યાલયના ડીરેક્ટર ડી.ટી. કાપડિયા વિમેન ડેવલપમેન્ટ સેલના ઈન્ચાર્જ ડૉ. વીણાબેન પટેલ, ગાંધીનગર શહેરી વિસ્તારના ડી.વાય.એસ.પી. જ્યોતિ પટેલ, મહિલા તેમજ બાળ વિકાસ સંસ્થા તેમજ વ્યાવસાયિક વકીલ ક્ષમાબહેન ચૌહાણ, મેનેજમેન્ટ ટ્રેઈનર તેમજ સામાજિક કાર્યકર મમતા રાવલ તથા ગાંધીનગર મહિલા પોલીસ સ્ટેશનનાં ઈન્સ્પેક્ટર મીનાક્ષી પટેલ ખાસ હાજર રહ્યા હતા અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. કાર્યક્રમના અંતે આભારવિધિ બી.બી.એ. કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પુષ્ટીએ કરી હતી.

# એ. એ. પટેલ કોમર્સ કોલેજનો દશાબ્દી મહોત્સવ ઉજવાયો

## પાર્શ્વ ગાયક જયકર ભોજક અને રેડીયો મિર્ચીની આર.જે. મેઘા ઠક્કર જોડાયા



ગાંધીનગર, તા. ૭

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા તાજેતરમાં કોલેજના યુવક યુવતીઓએ દશાબ્દી મહોત્સવ યાહુ-૨૦૧૩નું ખુબ જ ભવ્ય આયોજન કર્યું હતું. કાર્યક્રમમાં ગણેશ વંદના, રાધાકૃષ્ણ ડાન્સ, તમિલ ડાન્સ, કોમેડી નાટક, કોમેડી ડાન્સ તથા સ્ત્રી ભ્રૃણ હત્યા, દામિની રેપકેસ વગેરે સાંપ્રત સમસ્યાઓને આવરી લેતા કાર્યક્રમો રજુ કરી દર્શકોના મન જીતી લીધા હતા. આ પ્રસંગે સુપ્રસિદ્ધ પાર્શ્વ ગાયક જયકર ભોજક અને રેડીયો મિર્ચી ૯૮.૩ એફ.એમ.ની આર.જે. મેઘા ઠક્કર હાજર રહ્યા હતા.

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજને ૨૦૧૨માં દસ વર્ષ પૂર્ણ થતાં કોલેજ પરિવાર દ્વારા દશાબ્દિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સતત બે દિવસ ચાલેલ આ દશાબ્દિ મહોત્સવમાં પ્રથમ દિવસે ચોઈસ ઈવેન્ટ, ઈનોવેશન અને કોમેડી



ડાન્સ રજુ કરવામાં આવ્યા હતા. ચોઈસ ઈવેન્ટમાં વિદ્યાર્થીઓએ ગણેશ વંદના, ગુજરાતી પિલ્મી ડેકેડ, તમિલ ડાન્સ, રાધા કૃષ્ણ ડાન્સ જેવી કૃતિઓ રજૂ કરી હતી. ઈનોવેશનમાં સ્ટેચ્યુ ડાન્સ, મહીષાસુર મર્દન અને પંચતત્વ જેવી થીમ દ્વારા સુંદર રજૂઆત કરી હતી. થીમ બેઝડ સ્ટોરીમાં નારી સ્ત્રી ભ્રૃણ હત્યા, દામીની રેપ કેસ, ડીસેબલ ગર્લ જેવી થીમ ઉપર રજૂઆત કરી હતી. દશાબ્દિ મહોત્સવમાં મહેમાન તરીકે સુપ્રસિદ્ધ પાર્શ્વ ગાયક શ્રી જયકરભાઈ ભોજક અને રેડીયો મિર્ચી ૯૮.૩ એફએમની આરજે મેઘા ઠક્કર હાજર રહ્યા હતા. ૨૯૧ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં સ્ટેજ પર પર્ફોમન્સ આપ્યું હતું. કાર્યક્રમને અંતે પાંચ ગૃપ માંથી શૌર્ય ગૃપને ચેમ્પિયન ટ્રોફી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે જાણીતા નાટ્ય દિગ્દર્શક અપ્સર સૈયદ, કવિશ્રી હરદ્વાર ગોસ્વામી, લેખક રાકેશ પંડ્યા, ડૉ. ધવલ પંડ્યા, વાર્તાકાર ધર્મેન્દ્ર ત્રિવેદી, પ્રો. આશિષ દવે, શ્રીમતી દીનાબેન ડોડીયા અને રાજાભાઈ ઠક્કરે તેમની સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમને પ્રો. પાઠકે વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી હતી. કાર્યક્રમનું સમગ્ર સુકાન ઈન્ચાર્જ અધ્યાપક પ્રો. સમીરભાઈ પંડ્યાએ સુંદર રીતે સંભાળ્યું હતું. દશાબ્દિ મહોત્સવના ભાગ સ્વરૂપે સંસ્થા સાથે પ્રથમ દિવસથી જોડાયેલા કર્મચારીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. જયેન્દ્રસિંહ જાદવે સંભાળ્યું હતું.